# -: પ્રેસનોટ :-

અમદાવાદ શહેરમાં ગુજરાત મેટ્રો રેલ તરફથી બનાવવામાં આવેલ મેટ્રો સ્ટેશન કે જે જુની હાઈકોર્ટ, નવરંગપુરા પાસે આવેલ છે તે મેટ્રો સ્ટેશનને જોડીને એક ઈમરજન્સી ફાયર સીડી (લોખંડ) ની બનાવવાની હોય અને આ સીડીવાળી જગ્યાએ મોટા પાયે વેલ્ડીંગનુ કામ કરવામાં આવનાર છે. આ જગ્યા ૨૭૪, નવરંગપુરા ફ્લેટ પાસે આવેલ છે જે ફ્લેટની આગળનો રોડ કામગીરી દરમિયાન બંધ કરવો જરૂરી હોય, તે માટે ટ્રાફિક ડાયવર્ઝન કરવા ગુજરાત મેટ્રો રેલ તરફથી વિનંતી કરેલ છે.

સદરહું કામકાજ **તા.૧૩/૫/૨૦૨૬ થી તા.૨૭/૫/૨૦૨૬ સુધીના ફક્ત રાત્રીના કલાક ૦૦.૦૦ થી ૦૫.૦૦ દરમિયાન** કરવામાં આવનાર છે. આ કામકાજ દરમિયાન નીચે મુજબની વિગતે ટ્રાફિક ડાયવર્ઝન કરવામાં આવનાર છે.

| અ.નં. | વાહનોની અવર-જવર માટે પ્રતિબંધિત માર્ગ | વૈકલ્પિક માર્ગ |
|---|---|---|
| ૧. | વિશ્રામ ફ્લેટથી ઈન્કમટેક્ષ અંડરપાસ સુધીનો રોડ ૧૦૦ મીટર જેટલો રાત્રી દરમિયાન બંધ રહેશે. | **૧.** ઈન્કમટેક્ષ તરફથી આવતો ટ્રાફિક અંડરપાસ ઉપર હોટલ જસ્ટ ઈન થી જમણી બાજુ વળી અલગ-અલગ મુખ્ય માર્ગો તરફ જઈ શકશે.<br>**૨.** નવરંગપુરા પોલીસ સ્ટેશન તરફથી આવતો ટ્રાફિક શાંતમ ફ્લેટથી ડાબી બાજુ વળી અલગ-અલગ મુખ્ય માર્ગો તરફ જશે. |

જે અંગેની તમામ નાગરિકોને જાણ કરવામાં આવે છે.

તા.૧૧/૫/૨૦૨૬

**'પોલીસ કમિશનરશ્રી નાઓના હુકમથી'**

( અશ્વિન ચૌહાણ )
સંયુક્ત પોલીસ કમિશનર
ટ્રાફિક, અમદાવાદ શહેર